Extra No. 406

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **FRIDAY, NOVEMBER 14, 2025 / KARTIKA 23, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

// વંચાણે લીધું //

(૧) પોલીસ ઈન્સપેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદાના પત્ર ક્રમાંક: LIB/32 ડાઈવર્ઝન/જાહેરનામું/૩૪૨૦/૨૦૨૫, તા.૧૩/૧૧/૨૦૨૫

(૨) અત્રેની કચેરીના હુકમ ક્રમાંક: પીઓએલ/જાહેરનામું/વશી/૫૩૦-૫૪૯/૨૦૨૦, તા.૨૫/૦૨/૨૦૨૦

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) અન્વયે બહાર પાડેલ

ક્રમાંક: એમએજી/જાહેરનામું/વશી/ ૧૩૭૯૧ થી ૧૩૮૨૫/૨૦૨૫.-પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી, એલ.આઈ.બી., પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, નર્મદા દ્વારા વંચાણ- (૧)ના પત્રથી જણાવ્યા મુજબ આગામી તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ માન. વડાપ્રધાનશ્રી દેડીયાપાડા ખાતે રોડ શો તેમજ જાહેરસભા કાર્યક્રમ તથા દેવમોગરા મંદિર ખાતે દર્શનના સંભવિત કાર્યક્રમમાં પધારનાર છે. માન. વડાપ્રધાનશ્રી "Z+ SPG PROTECTEE" સ્કેલ સિક્યુરીટી ધરાવે છે. જેથી સદરહુ કાર્યક્રમ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મલ્ટી એક્ષેલ લોડેડ વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વાહનો તથા હેવી કોમર્શિયલ વાહનોનો રૂટ ડાયવર્ટ કરવા જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે મુજબ જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

હુકમ

આથી હું સી.કે.ઉધાડ(જી.એ.એસ), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, નર્મદા-રાજપીપળા, ગુજરાત પોલીસ અધિનિયમ- ૧૯૫૧ ની કલમ - ૩૩(૧)(બી) તથા વંચાણ- (૨)થી મળેલ સત્તાની રૂએ માન. વડાપ્રધાનશ્રીની તા.૧૫/૧૧/૨૦૨૫ ની દેડીયાપાડા અને સાગબારાની મુલાકાત અન્વયે મલ્ટી એક્ષેલ લોડેડ વાહનો, ઔધોગિક કક્ષાના હેવી લોડેડ વાહનો તથા હેવી કોમર્શિયલ વાહનોનો રૂટ નીચે મુજબ ડાયવર્ટ કરવા આથી ફરમાવું છું.

- સાગબારાથી આવતા મલ્ટી એક્ષેલ લોડેડ વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વાહનો તથા હેવી કોમર્શિયલ વાહનો માચ ચોકડીથી ચીકદા, રેલ્વા, ઉમરપાડા, કેવડી, નેત્રંગથી રાજપીપળા તરફ જશે.

- રાજપીપળા તરફથી આવતા મલ્ટી એક્ષેલ લોડેડ વાહનો, ઔદ્યોગિક કક્ષાના હેવી લોડેડ વાહનો તથા હેવી કોમર્શિયલ વાહનો મોવી, નેત્રંગ, ફુલવાડી, કેવડી, ઉમરપાડા, રેલ્વા, ચીકદા થઈ માચ ચોકડી તરફ જશે.

સદરહુ રૂટ ડાયવર્ઝન અંગે નિયમાનુસાર જરૂરી બોર્ડ/બેરીકેટ્સ લગાડવાની તથા તેને આનુષંગિક તમામ કામગીરી પોલીસ વિભાગે કરવાની રહેશે.

// **અમલવારીનો સમય** //

આ જાહેરનામાની અમલવારી તા.૧૫/૧૧/૨૦૨૫ ના ૦૦:૦૦ કલાકથી ૨૦:૦૦ કલાક સુધી કરવાની રહેશે.

// **શિક્ષા** //

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૧૩૧ તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ - ૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે નર્મદા જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરી પોલીસ અધિકારીશ્રીઓને અધિકૃત કરવામાં આવે છે.

નર્મદા-રાજપીપળા, તા.૧૩-૧૧-૨૦૨૫.

સી.કે.ઉધાડ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
નર્મદા-રાજપીપળા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.11.27 18:35:44 IST